**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૧.૫ ડીગ્રી
લઘુતમ : ૨૬.૦ ડીગ્રી
ભેજ
સવારે ૯૫ ટકા ● સાંજે ૮૫ ટકા

# સિવિલમાં દરરોજ ૨૦ લાખ લીટર લીકવીડ ઓકિસજનનો વપરાશ

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગર કોવીડ હોસ્પિટલમાં સેન્ટ્રલી ઓકિસજન પ્લાન્ટ છે. એક હજાર લીટર ક્ષમતાવાળી ૫ ટેન્કમાંથી રોજનો ૩૭ લાખ લીટરથી વધુ લીકવીડ ઓકિસજન તૈયાર કરવામાં આવે છે. આ ઓકિસજન પ્લાન્ટમાંથી પ્રેસર દ્વારા ઓપરેશન થિયેટર, આઈસીયુ અને કોવીડ વોર્ડ સહિત તમામ સ્થળે પહોંચાડવામાં આવે છે. હાલના સમયે કોવીડ વોર્ડ અને આઈસીયુમાં રોજના ૨૦ થી ૩૦ દર્દીઓ ઓકિસજનની જરૂરીયાતવાળા હોય છે. જેથી કોવીડ હોસ્પિટલમાં રોજનો ૨૦ લાખ લીટર લીકવીડ ઓકિસજનનો વપરાશ દર્દીઓ પાછળ થાય છે.

પ્રાપ્ત માહિતી મુજબ ગુજરાત મેડીકલ એજ્યુકેશન એન્ડ રીસર્ચ સોસાયટી સંચાલિત ગાંધીનગર જનરલ હોસ્પિટલમાં ૬૦૦ બેડની નવી બિલ્ડીંગમાં સેન્ટ્રલી ઓકિસજન પ્લાન્ટ તૈયાર કરાયો છે. ૮ માળમાં ગમે તે બેડ પર દર્દી સારવાર લઈ રહ્યો હોય અને ઓકસીજનની જરુર પડે તો સરળતાથી પોતાના સ્થાને મળી રહે તેવી વ્યવસ્થા ગોઠવાઈ છે. ઓકિસજન પ્લાન્ટમાં પહેલા એક હજાર લીટરની ક્ષમતાવાળી ૩ ટેન્ક હતી, જેમાંથી ૨૨ લાખ લીટરથી વધુ લીકવીડ ઓકિસજન તૈયાર થતો હતો. ત્યારે ઓકિસજનની જરૂરીયાત ખાસ આઈસીયુ, ઓટી, હિમોડાયાલીસીસ તેમજ વોર્ડમાં કેટલાક સ્થાનો પર રહેતી હતી. જયારે કોવીડ હોસ્પિટલમાં દર્દીઓની સંખ્યા વધતી જતી હતી. દર્દીઓને ઓકિસજનની જરૂરીયાતની માત્રામાં પણ વધારો થતો હતો. જેને પગલે બીજા બે ટેન્ક એક હજાર લીટરની ક્ષમતાવાળા તાત્કાલીક ધોરણે ઉભા કરવામાં આવ્યા છે. હાલના સમયે ૫ લીકવીડ ઓકિસજન ટેન્કમાંથી રોજનો ૩૭ લાખ લીટરથી વધુ ઓકિસજન તૈયાર થાય છે. હાલના સમયે આઈસીયુ અને કોવીડવોર્ડમાં સારવાર લઈ રહેલા ૨૦ થી ૩૦ દર્દીઓને ઓકિસજનની જરુરીયાત ઉભી થતી હોવાથી આપવામાં આવે છે. જેને પગલે ઓકિસજન પ્લાન્ટમાંથી રોજનો ૨૦ લાખ લીટર લીકવીડ ઓકિસજન દર્દીઓને પુરો પાડવામાં આવે છે. તે ઉપરાતં ઓકિસજનના બોટલ પણ દર્દીઓ માટે રાખવામાં આવે છે. ત્યારે ઓકિસજન પ્લાન્ટની જાળવણી પણ તંત્ર દ્વારા સમયાંતરે યોગ્ય રીતે કરવામાં આવે છે.





## આપણું ફાઉન્ડેશન દ્વારા સે-૨૮/૧ પ્રા. શાળામાં વૃક્ષારોપણ કરાયું

આકાશમાંથી વરસાદ નહી પરંતુ જાણે કાચું સોનું વરસી રહ્યું છે, ખેડૂતો આનંદિત છે તો પ્રકૃતિ પ્રેમી પણ ગેલમાં છે. શહેરના સેવાભાવી યુવાનોની સંસ્થા આપણું ફાઉન્ડેશન દ્વારા પર્યાવરણનું જતન કરવાના હેતુથી શહેરના સેકટર-૨૮માં સે-૨૮/૧સરકારી પ્રાથમિક શાળાના સંકુલ ખાતે ૨૦૧ વૃક્ષોના વાવેતરનો કાર્યક્રમ હાથ ધર્યો હતો. વૃક્ષારોપણ દરમિયાન સંસ્થાના સ્વયંસવકોએ કોવિડ-૧૯ની ગાઈડલાઈન અનુસાર સોશ્યલ ડિસ્ટન્સનું પણ ધ્યાન રાખ્યું હતું.

## વાવ ચોખ્ખી હશે તો ચોમાસામાં જેટલું પાણી ભરાશે તે ચોખ્ખું ભરાશે

### ગાંધીનગરના યુવાનોએ અંબાપુરની વાવને સ્વચ્છ કરી : ૭૦ કિલો જેટલો કચરો કાઢયો

ગાંધીનગર, તા.૧૨

કોણ કહે છે કે આજની પેઢીને આપણા સાંસ્કૃતિક વારસાની કોઈ ચિંતા નથી? આજે ગાંધીનગરના કેટલાંક યુવાનોએ રવિવારની સવારથી બપોર સુધીનો સમય પાન મસાલાં ખાઈને રખડવામાં કે મોટર સાયકલો લઈને હાઈવે પર જઈને મકાઈ-મગફળીની મિજબાની ઉડાડવામાં વિતાવવાને બદલે અંબાપુરની વાવને ચોખ્ખી ચણક કરવા ખર્ચ્યો હતો. શહેરના 'ટીમ ઉડ્ડયન' ગૃપના આ યુવાનોનો હેતુ એક જ હતો કે ચોમાસાનો પ્રારંભ થઈ ગયો છે અને વરસાદી ઋતુ બરાબર જામે તે પહેલા જો વાવની સફાઈ કરી દેવામાં આવે તો



જેટલું પાણી તેમાં ભરાય તે તો ચોખ્ખું રહે પછી ભલે તેનો ઉપયોગ માનવી કરે કે પશુ પક્ષી કરે પરંતુ જે પણ કરે તેને કચરાના કારણે દૂષિત પાણી ગ્રહણ ના કરવું પડે.

આપણા સાંસ્કૃતિક વારસાનું કાળજીપૂર્વક જતન થવું જ જોઈએ તેવું માનતા ટીમ ઉડ્ડયન ગૃપના અંબાપુરની પૌરાણિક અને કલાત્મક વાવને સાફ કરવાના આ શ્રમયજ્ઞમાં ધ્રુવ પ્રજાપતિના નેતૃત્વ હેઠળ જોડાયેલા સ્વયંસેવકોમાં વિષ્ણુસિંહ ચાવડા, નરેન્દ્ર પ્રજાપતિ, દેવદત્તી તબિયાર, અમિત પરમાર, મુકેશ સોલંકી, સંદિપ ડોડિયા, અનિકેત સુમેરસા તથા વિવેક પરમારનો સમાવેશ થાય છે. આ યુવાનોએ સતત ત્રણ ચાર કલાકની જહેમત બાદ વાવમાંથી ૬ બેગ ભરીને આશરે ૬૦ થી ૭૦ કિલો કચરો દૂર કરી વાવને એકદમ સ્વચ્છ બનાવી દીધી હતી.

## ચિરવિદાય

- સ્વ. પરમાર ગંગાબેન નેનાજી, ઉ.વ. ૧૦૨, મુ.લેકાવાડા, જી. ગાંધીનગર
- સ્વ. પટણી ચિમનલાલ કરશનદાસ, ઉ.વ. ૮૨, મુ. પાટણ, જી. પાટણ
- સ્વ. પટેલ કનુભાઈ પ્રહલાદભાઈ, ઉ.વ. ૫૭, મુ. પેથાપુર, જી. ગાંધીનગર
- સ્વ. રમેશભાઈ જયંતિભાઈ નાયક, ઉ.વ. ૬૫, મુ. કડી, જી. મહેસાણા
- સ્વ. ગોર અસરબા પ્રવિણસિંહ, ઉ.વ. ૫૬, મુ. સરઢવ, જી. ગાંધીનગર
- સ્વ. જૈન મહેન્દ્રકુમાર મોતીલાલ, ઉ.વ. ૫૯, સેકટર-૨૧, ગાંધીનગર



ઠેર ઠેર ફેલાયેલા કચરાની જેમ જ ગાંધીનગરની બીજી મોટી સમસ્યા છે ઠેર ઠેર જોવા મળતા રખડતાં ઢોરો... રાજયનું પાટનગર હોવા છતાં અહીં મુખ્ય માર્ગોની વચ્ચો વચ્ચ જ રખડતા ઢોર બેઠેલા જોવા મળે છે. 'ક' રોડ પર તો માર્ગની વચ્ચો વચ્ચ જ ગાયોનું આખે આખું ધણ બેઠેલું જોવા મળી રહ્યું છે. માલધારીઓ પોતાના ઢોરોને દિવસ દરમિયાન છોડી મુકતા હોવાથી તેઓ આવી રીતે માર્ગોની વચ્ચે અડ્ડો જમાવીને બેસી જાય છે.




'ગ્રીનિંગ ધ નેશન' પ્રોજેકટ અંતર્ગત રાજયભરના સીમા સુરક્ષા દળના એકમો ખાતે ગુજરાત ફ્રન્ટિયર યુનિટના ડીજી જી.એસ. મલિકના નેતૃત્વ હેઠળ વૃક્ષારોપણ અભિયાન ૨૦૨૦ અંતર્ગત ૩૨ હજાર જેટલાં વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું છે. ભારતીય સીમાનીર્ગો પ્રથમ રક્ષક હરોળના બીએસએફ દ્વારા પર્યાવરણની પણ સુરક્ષા કરી ભાવિ પેઢીને સમૃધ્ધ હરિયાળીનો વારસો આપવાની ઉજજવળ પરંપરાને સ્થાપિત કરવાની નેમ અંતર્ગત આ પ્રોજેકટ કરવામાં આવી રહ્યો છે. અત્રે ઉલ્લેખનીય છે કે ગત વિશ્વ પર્યાવરણ દિવસથી કેન્દ્રિય ગૃહ મંત્રાલયના આદેશ અનુસાર વૃક્ષારોપણ સતત કરવામાં આવી રહ્યું છે.

## સમસ્ત રાજપૂત મહિલા સંગઠનના પ્રમુખ પદે બીનાબા રાણાની વરણી

ગાંધીનગર, તા.૧૨

સમસ્ત રાજપૂત મહિલા સંગઠનના સભ્યોની તાજેતરમાં ઓનલાઈન બેઠક યોજાઈ હતી. આ ઓનલાઈન બેઠકમાં પ્રમુખ તેમજ કમિટીમાં નવા મહિલા સભ્યોની વરણી કરવામાં આવી હતી. જેમાં સમસ્ત રાજપૂત મહિલા સંગઠન પ્રમુખ પદે બીનાબા રાણાની બિનહરીફ વરણી કરવામાં આવી છે. જયારે મહામંત્રી તરીકે સંગીતાબા સોલંકી, ખજાનચી તરીકે પ્રિયંકાબા ગોલ, સહમંત્રી તરીકે વિમળાબા વાઘેલા, તારાબા વાઘેલા, તેમજ કારોબારી સભ્ય તરીકે સોનલબા રાણા, મોનિકા બા ડાભી, રમીલાબા વાઘેલા અને સોનલબા ચાવડાની વરણી કરવામાં આવી છે.

# પક્ષીઓનો બહુ શોખ હોય તો એક વૃક્ષ ઉછેરો, પક્ષીઓ આપોઆપ આવશે

## માનવીના શોખ અને સગવડનો ભોગ બનતા અબોલ પ્રાણી-પક્ષીઓનો ચિત્કાર 'જીવો અને જીવવા દો' : પશુ-પક્ષીઓના જતનનું મહત્વ આજે નહી સમજીએ તો કાલે વિચારી પણ નહીં હોય તેવી વિષમ આપત્તિઓ ભોગવવી પડશે




ગાંધીનગર, તા.૧૨

કોરોના લોકડાઉન દરમિયાન કેરળમાં બનેલી એક ઘટના જેમાં એક ગર્ભવતી હાથણીને કોઈએ ફટાકડાં ભરેલું અનાનસ ખવડાવી દેવાથી તેના થયેલા દર્દનાક મૃત્યુએ દેશભરમાં અરેરાટી પ્રસરાવી હતી. નિર્દોષ પક્ષીઓ-પ્રાણીઓ સાથે ઘાતકી વર્તાવના અનેક કિસ્સા માધ્યમોમાં અને સોશ્યલ મિડિયા પર અવારનવાર ચગતા રહે છે. જેમાં પછી ગાય પર એસિડ ફેંકવામાં આવ્યો હોય કે ગર્ભવતી બિલાડીને ગળાફાંસો આપી દેવાયો હોય. ગુજરાતના ગૌરવસમા સિંહને ગીરના જંગલમાં રંજાડવાના કિસ્સા પણ ઘણા સામે આવ્યા છે. તાજેતરમાં ગાંધીનગરમાં અતિ દુર્લભ એવા ચિલોત્રો પક્ષીના માળા પાસે વાઈલ્ડ લાઈફ ફોટોગ્રાફર્સ દ્વારા પક્ષીને અડચણ થાય તે રીતે સતત ફોટોગ્રાફી કરવાને કારણે ચિલોત્રોના બચ્ચાં મોતને ભેટયાની ફરિયાદ થવા પામી છે. જો કે આ ફરિયાદમાં કેટલું સત્ય છે તે અંગે તપાસ ચાલી રહી છે. પરંતુ એક હકીકત તો છે કે માનવી પોતના સ્વાર્થ ખાતર નિર્દોષ પશુ-પક્ષીઓને જે રીતે રંજાડી રહ્યો છે તેના પરિણામ સ્વરૂપે 'તીડના આક્રમણ' સહિતના ગંભીર ખતરા ખુદ માનવી નિમંત્રી રહ્યો છે તેનું ભાન નથી. હજુ પણ સમય છે આ અબોલ પશુ પક્ષીઓનો દર્દભર્યો ચિત્કાર કહી રહ્યો છે કે અમને પણ જીવવાનો તમારા જેટલો જ અધિકાર છે, માટે 'જીવો અને જીવવા દો.'

ગાંધીનગરમાં વન વિભાગની મુખ્ય ઓફિસ અરણ્ય ભવનની સામે જ સર્જાયેલા 'ચિલોત્રો કાંડ'માં ફોટોગ્રાફર્સની દલીલ છે કે તેના માળામાં વરસાદી પાણી ભરાઈ જવાથી બે બચ્ચાના મોત થયા હતા અને બાકીનું એક બચ્ચું જીવતું છે કે નહી તે જોવા અમે મોબાઈલ કેમેરો માળા સુધી લઈ ગયા હતા જેથી તે બચ્ચાંને બચાવી શકાય. જો કે તેમની વાતમાં કેટલું તથ્ય છે તે તો વન અધિકારીની તપાસમાં બહાર આવશે પરંતુ આ ઘટના પ્રકાશમાં આવ્યાના દિવસોમાં જ ગાંધીનગરમાં સેકટર-૧૯માંથી ત્રણ કિશોરવયના બાળકો દ્વારા કબૂતરની પાંખો અને પગ પર સેલોટેપ મારીને તસ્કરી કરવાના પ્રયાસની ઘટના સામે આવી હતી. આ પછી સાબરકાંઠાના ઈડર પાસેના લાલપુર ખાતેથી ઘુવડ, કાચબા, શેરો, આંધળીચાકર, કિડીખાઉ, જળ બિલાડી વગેરેની તસ્કરીનું રાજય વ્યાપી કૌભાંડ પકડાયું હતું જેમાં એક ઘુવડની કિંમત રૂ. ૧૦ લાખ સુધી તાંત્રિક વિધિ માટે વેચાતું હોવાનું બહાર આવ્યું છે. પક્ષીની તસ્કરી કે ગેરકાયદેસર લાયન શોના ગોરખ ધંધા તો ખરાં પણ સાથે આપણી બેદરકારી પણ કેટલી હોય છે તેનું એક ઉદાહરણ બારડોલીમાંથી મળ્યું છે. જેમાં શાસ્ત્રી રોડ પર લીમડો, આસોપાલવ, ગુલમહોર જેવા વૃક્ષોને આડેધડ રીતે કાપી નાંખવાને કારણે અસંખ્ય પક્ષીઓના માળા ઈંડા સાથે જમીનદોસ્ત થઈ ગયા હતા અને માંડ માંડ ૭૦ જેટલાં પક્ષીઓને બચાવાયા હતા. ગાંધીનગરના સેકટર-૫-સીના નવરાત્રિ ચોકમાં જે વૃક્ષોને ટ્રીમીંગના નામે સાવ બુઠ્ઠાં કરી દેવાયા તે વૃક્ષો પર એક બર્ડ ફોટોગ્રાફરે ૩૨ પ્રજાતિના પક્ષીઓ વસવાટ કરતા હોવાનું લિસ્ટ બનાવી નોંધેલું છે. એક વૃક્ષ ૮ થી ૧૦ પ્રકારના પક્ષીઓને આશરો આપતું હોય છે તે જ રીતે એક નાનું તળાવ પણ અનેક જીવોનું આશ્રયસ્થાન હોય છે.





ગાંધીનગર પાસેના એક ગામની તલાવડીમાં હિમાલયથી આવેલા રાજહંસના ટોળામાં ૯ રાજહંસને તળાવમાં ફેલાયેલી ગંદકીથી ચેપ લાગી ગયો અને ૨ રાજહંસના મોત થયા જયારે બાકીના ૭ને પક્ષી પ્રેમીઓએ બચાવી લીધા હતા. ચરેડી પાસે નીલગીરીના ઉંચા વૃક્ષ પર તિક્ષ્ણ નજર ધરાવતી સમડી પણ ચાઈનીઝ દોરીનો શિકાર બની હતી જેને પણ મહામુસીબતે બચાવાઈ હતી.

માનવી માત્ર પશુપક્ષીને રંજાડતો નથી પરંતુ તેની ફુડ ચેઈન એટલે કે આહાર શૃંખલા પણ ખરાબ કરે છે તેના દુરગામી પરિણામો માનવીને જ ભોગવવા પડશે. વર્ષ ૧૯૮૪ થી ૧૯૮૭ દરમિયાન ગાય ભેંસના દૂધમાં વધારો કરી આપતી એક દવાનો વપરાશ વધવાથી ગીધોનું નિકંદન નીકળ્યું હોવાનું દસ વર્ષે શોધી શકાયુ હતું અને ત્યાં સુધીમાં આપણે આ 'સફાઈ કામદાર'ને ગુમાવી ચુકયા હતા. આ દવાને કારણે ગાય ભેંસના મૃત શરીરને આરોગતા ગીધની કિડનીઓ ખરાબ થઈ જતી હતી. આજે ગીધ શોધ્યા જડતા નથી તે સ્થિતિના કારણે રસ્તા પર મરેલું કુતરું કે બિલાડી સડી જાય અને રોગચાળો ફેલાવે ત્યાં સુધી તેનો નિકાલ થતો નથી તેવી સ્થિતિ છે જે કામ પહેલા ગીધ પતાવી દેતા હતા. આપણને તો ભોંયરામાં પણ મોબાઈલના ટાવર પકડાવા જોઈએ અને તેની લ્હાયમાં ભલે સેલ્યુલર કંપનીઓ રેડિએશન વધારી મુકે અને ચકલી જેવા પક્ષી લુપ્ત થઈ જાય જે તીડને ખાઈ તેની વસ્તી નિયંત્રણનું કામ કરતા હતા. આજે તીડના આક્રમણ વધ્યા છે અને 'પોકેમેનના પિકાચુ'ની જેમ તીડ જયારે તેનું વરવું સ્વરૂપ ધારણ કરે છે ત્યારે તેનું એક ટોળું એક જ વારમાં ૩૫૦૦ વ્યકિતઓના અનાજને સ્વાહા કરી જાય છે. હવે જે દેશમાં રોજના ૭ હજાર જેટલા વ્યકિત ભૂખથી મરી જતા હોય કે ૨૪ ટકા નાગરિકો એક ટંક ભૂખ્યાં સુઈ જતા હોય અને વિશ્વમાં કુલ ગરીબો પૈકી ૨૮ ટકા ગરીબો એકલો આ દેશ જ ધરાવતો હોય ત્યાં યારે ભુખમરાની સ્થિતિ આવી જશે તેની માત્ર કલ્પના જ કરવી રહી. સિંહોની સંખ્યા ઘટવાથી રોઝની વસ્તી વધી જે ખેતીને નુકશાનકારક બની રહી છે. અત્યારે જે શિડયુલમાં નથી તેને પણ બચાવવા પડશે, નહિતર કાલે શિડયુલમાં મુકીને બચાવવા દોડીશું.

માનવીએ એટલું સમજી લેવાની તાકીદે જરૂર છે કે પક્ષી હોય કે પ્રાણી તેમને પોતાની એક જગ્યા અને પ્રાઈવસી હોય છે જે તેમનો અધિકાર છે. કોઈ પણ પ્રાણી તેના અસ્તિત્વ પર ખતરો ન આવે ત્યાં સુધી હિંસક બનતું નતી. માનવી સાથે અન્યાય થાય તો બીજો માનવી અવાજ ઉઠાવે પરંતુ આ પશુ-પક્ષીઓ શું કરે? દરેક વ્યકિતએ તેની જીજ્ઞાસાવૃત્તિને નિયંત્રિત રાખવી જોઈએ. સિંહના દર્શન ભલે દૂરથી કરો પરંતુ ગાડી તેની નજીક લઈ જવી જરૂરી નથી. પક્ષીઓનું શરીર તેલવાળા તળેલા પદાર્થો પચાવવા સક્ષમ નથી તેમને સેવ ગાંઠિયાની આદત ના પાડો તમારા પક્ષીઓને પાળવાના શોખને લીધે પક્ષીઓ પકડવાની પ્રવૃત્તિ અટકતી નથી અને એક પક્ષી પકડવા પાછળ કેટલાંય મરી જાય છે તેની પાળનારને ખબર હોતી નથી. પિંજરામાં પુરાયેલા પક્ષી સામે ઉભા રહી વિચારો કે તમે બે મહિનાનું લોકડાઉન સરખી રીતે પાળી શકયા નથી તો આ આખી જીંદગી કેવી રીતે એમાં કાઢશે? જો પક્ષીઓને પાળવાનો એટલો જ શોખ હોય તો ઘર આગળ એક વૃક્ષ ઉછેરો, પક્ષીઓ તો આપોઆપ આવશે.

- પ્રતિભાવ આવકાર્ય :
samirtalod@yahoo.com